# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર : –**

**વિષય: કોરોના વાઈરસ (કોવીડ-19)નાં સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાનાં થતાં નિવારાત્મક પગલાંઓ બાબત**
**સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય ધ્વારા તા:૧૧-૦૪-૨૦૨૧નાં રોજ મળેલ સુચના અન્વયે**
(૨) ગુજરાત સરકારશ્રીનાં ગૃહવિભાગ, ગાંધીનગરનાં હુકમનામા ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા:૧૨-૦૪-૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ધ્વારા કોરોના વાઈરસ (કોવીડ-19)નાં સંક્રમણ અટકાવવાનાં ભાગરૂપે માનનીય કુલપતિશ્રી ધ્વારા તા:૧૨-૦૪-૨૦૨૧નાં રોજ સ્થાનિક રજા જાહેર કરી તા:૧૪-૦૪-૨૦૨૧ સુધી યુનિવર્સિટી કાર્યાલય બંધ રાખવામાં આવેલ. ઉક્ત સંદર્ભ પત્ર-૧થી મળેલ સૂચનાઓ અનુસાર તા:૧૨-૦૪-૨૦૨૧ થી તા:૩૦-૦૪-૨૦૨૧ સુધી તમામ ભૌતિક શિક્ષણ કાર્ય (વર્ગખંડ શિક્ષણ) મોકૂફ રાખવાનું તથા તમામ સેમેસ્ટર માટે ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા ગોઠવવાનું સૂચવવામાં આવે છે.જે મુજબ તમામ કોલેજો/સંસ્થાઓએ અમલવારી કરવાની રહેશે.

વધુમાં સમગ્ર રાજ્યમાં કોરોના વાઈરસ (કોવીડ-19)ની અસર ખુબજ વર્તાય છે જેની અસર કે સંક્રમણ અટકાવવા રાજ્ય સરકારશ્રી ધ્વારા સંદર્ભ પત્ર-૨ની વિગતે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનો ધ્વારા ઉક્ત માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે જે અન્વયે નીચે મુજબની વિગતે અમલવારી કરવા જણાવવામાં આવે છે.

- તા:૧૫-૦૪-૨૦૨૧ થી તા:૩૦-૦૪-૨૦૨૧ સુધી તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનો તથા યુનિવર્સિટી ખાતે વહીવટી/શૈક્ષણિક સ્ટાફને ૫૦% રોટેશન મુજબ અથવા Alternate ફરજ ઉપર હાજર રાખવા જે-તે સંસ્થાનાં વડા/અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ ધ્વારા વિવેકાધીન નિર્ણય લઇ, સુનિયોજિત કાર્યવાહી કરવાની રહેશે.
- આપની સંસ્થા/વિભાગોની નિયમિત સાફ-સફાઈ તથા સેનીટાઇઝેશન કરવાની કામગીરી કરવાની રહેશે.
- જે-તે સંસ્થા/યુનિવર્સિટીનાં વહીવટી/શૈક્ષણિક કર્મચારીઓએ ફરજ ઉપરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહિ. સંસ્થા/યુનિવર્સિટી ધ્વારા જયારે આવશ્યક કામગીરી માટે હાજર રહેવા જણાવવામાં આવે ત્યારે હાજર રહેવાનું રહેશે.
- ઉક્ત ૫૦% રોટેશન મુજબ અથવા Alternate મુજબ તા:૧૫-૦૪-૨૦૨૧ થી તા:૩૦-૦૪-૨૦૨૧ સુધી કામગીરી કરનાર તમામ કર્મચારીઓને ઓનડ્યુટી ગણવાના રહેશે.
- વહીવટી/શૈક્ષણિક કર્મચારીઓને રોટેશન મુજબ જે-તે વિભાગનાં વડા ધ્વારા ઓનલાઈન કામગીરી સોંપવાની રહેશે જે વર્ક ફ્રોમ હોમ (Work from Home) મુજબ કાર્ય કરી શકાશે.
- ઓનલાઈન કામગીરી કરતાં તમામ કર્મચારીઓએ ફોન તથા ઈમેઈલ ધ્વારા વિભાગીય વડા તથા યુનિવર્સિટીનાં સંપર્કમાં રહેવાનું રહેશે અને જરૂરિયાત મુજબ ઉપલબ્ધ રહેવાનું રહેશે.
- તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનો ધ્વારા ઓનલાઈન વર્ગ અંગેનાં રેકર્ડની નિભાવણી કરવાની રહેશે. યુનિવર્સિટી/સરકારશ્રી ધ્વારા જયારે વિગત મંગાવવામાં આવે ત્યારે ઉપલબ્ધ કરવાનો રહેશે.

કા. કુલસચિવ

**નં. :બીકેએનએમયુ/રજી/ઈ-૧/૨૦૨૧**
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ. તા.૧૪-૦૪-૨૦૨૧

**પ્રતિ,**

ભક્તકવિનરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ,અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/ અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧.આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)